# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૭-A તા.૨૭-૦૨-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :-માર્ગ સલામતિ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાના આયોજન બાબત

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ભારત સરકારે ૧૫ જાન્યુઆરી થી ૧૪ ફેબ્રુઆરી સુધી માર્ગ સલામતિ મહિનો જાહેર કરેલ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત રોડ સેફટી ઓથોરિટીના સહયોગથી નગર પ્રા.શિ.સમિતિ, અમદાવાદ હસ્તકની શાળાઓના વિદ્યાર્થીઓ માટે શાળા કક્ષાએ વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

- **વકતૃત્વ સ્પર્ધા :**

નગર પ્રા.શિ.સમિતિ, અમદાવાદ હસ્તકની તમામ ૪૪૯ શાળાઓમાં વક્તૃત્વ સ્પર્ધા નીચે દર્શાવેલ વિષય પર આયોજન કરી શાળાકક્ષાએથી શ્રેષ્ઠ એક વિદ્યાર્થીને ઝોનકક્ષાની સ્પર્ધા માટે મોકલી આપવાનો રહેશે. ત્યાર બાદ ઝોન કક્ષાએથી પ્રથમ ક્રમે વિજેતા થયેલ ૧૨ વિદ્યાર્થીને શહેરકક્ષાની સ્પર્ધામાં મોકલવાના રહેશે. શહેર કક્ષાની સ્પર્ધા ટાગોર હોલ ખાતે યોજવામાં આવશે. વકતૃત્વ સ્પર્ધા માટે ૩ મિનીટનો સમય રહેશે.

➢ **વકતૃત્વ સ્પર્ધા વિષય :-**

૧. આપણે ટ્રાફિકના નિયમો શા માટે પાળવા જોઈએ.
૨. ટ્રાફિકના નિયમોનું પાલન એ સંસ્કારિતા છે.
૩. દુનિયાના બીજા દેશો કરતા ભારતમાં શા માટે રોડ અકસ્માતમાં મૃત્યુ સૌથી વધારે થાય છે.

- **ચિત્ર સ્પર્ધા :**

નગર પ્રા.શિ.સમિતિ, અમદાવાદ હસ્તકની તમામ ૪૪૯ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા નીચે દર્શાવેલ વિષય પર આયોજન કરી શાળાકક્ષાએથી એક શ્રેષ્ઠ ચિત્ર પસંદ કરી શહેરકક્ષાની સ્પર્ધા માટે મોકલી આપવાના રહેશે.

➢ **ચિત્ર સ્પર્ધાનો વિષય :-** 'ટ્રાફિકની સમસ્યા અને તેનો ઉકેલ'

શહેર કક્ષાએ પ્રથમ,દ્વિતીય અને તૃતિય ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને અનુક્રમે રૂ.૩૦૦૦/-, રૂા.૨૦૦૦/- અને રૂા.૧૦૦૦/- રોકડ અથવા તેટલી રકમનું શૈક્ષણિક સાહિત્ય ઈનામ તરીકે આપવામાં આવશે. શહેરકક્ષાની ચિત્ર સ્પર્ધા માટેની જરૂરી સામગ્રી રોડ સેફટી ઓથોરિટી દ્વારા આપવામાં આવશે. ચિત્ર સ્પર્ધાનો સમય ૩૦ મિનીટનો સમય રહેશે.

❖ બન્ને સ્પર્ધાના નિર્ણાયકો આરઆરયુ, અ.મ્યુ.કો અને રોડ સેફટી ઓથોરિટી દ્વારા કરવામાં આવશે.
❖ શહેરકક્ષાની સ્પર્ધાની તારીખ અને સમય હવે પછીથી જણાવવામાં આવશે.

તા.૨૭-૦૨-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી